જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૮/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૮૨ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૬ બીયર ટીન, ૦૧ ઓટોરીક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૧૩,૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૫**

માધવપુરાઃ બકુલાબહેન ડો/ઓ સવજીભાઈ પરમાર (ઉ.વ.૬૦)(રહે.સુતરીયા સોસાયટી, રામલાલના ખાડાની બાજુમાં, વેર હાઉસ સામે શાહપુર દરવાજા બહાર માધવપુરા) તા.૦૪/૦૮/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે માધવપુરા શાહપુર દરવાજા બહાર લાલા કાકા હોલ પાછળ શાકભાજી માર્કેટ ખાતે શાકભાજીની ખરીદી કરતા હતા ત્યારે એક અજાણી સ્ત્રીએ બકુલાબહેનની નજર ચુકવી ગળામાંથી સોનાનો દોરો પેન્ડલ સહીત કિમત રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ બકુલાબહેન પરમાર એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ પ્રભાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૭/૨૦૨૫**

નિકોલઃ ઉર્વશીબહેન વા/ઓ દીપેનભાઈ વણસોલા (ઉ.વ.૨૭)(રહે.લાલકૃષ્ણ એપાર્ટમેન્ટ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૫ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૮/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

રામોલઃ જયદીપ પ્રવિણભાઇ રંગપરા (ઉ.વ.૨૫)(રહે.રામરાજ્યનગર રબારી કોલોની પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છત ઉપર આવેલ ઓરડીમાં પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી